ધન્યવાદ


धीमता रतिलालेन 'माण्डल'ग्रामवासिना ।
संशोधक्षमशेमुष्या निबन्धोऽयमरच्यत ॥१॥
सन्मना लेखकः श्रीमद्-हेमचन्द्रसभा तथा ।
पुण्येन कर्मणाऽनेन धन्यवादनमर्हत ॥२॥


—માંડલ(વીરમગામ)ગ્રામનિવાસી સાક્ષર રતિલાલભાઈએ પોતાની સમર્થ સંશોધનબુદ્ધિથી આ નિબન્ધ લખ્યો છે.

સદ્‌આશયવાળા લેખક અને પ્રકાશક શ્રી હેમચન્દ્રાચાર્ય-જૈન સભા બન્ને આ પુણ્ય પવિત્ર કાર્યના યોગે ધન્યવાદને યોગ્ય છે.

પોષ-પૂર્ણિમા,
વિ. સં. ૨૦૧૫,
ખેતરવસીની ધર્મશાળા,
પાટણ (ઉ. ગુજરાત)

મુનિ ન્યાયવિજય





महामेधावी स्वामीजी श्रीसत्यभक्तजी का

—: अभिप्राय :—

भगवती सूत्रमें कुछ ऐसे वाक्य आते हैं, जिससे कुछ लोग यह कल्पना करते हैं कि महावीर स्वामीने भी एकाध बार मांस सेवन किया था। भगवती सूत्र तथा दशवैकालिक आदि सूत्रोंपर बहुत वर्षों पहले जब मैंने नजर डाली थी तब मुझे भी ऐसा सन्देह हुआ था। पर काफी चिन्तनके बाद मुझे यही मालूम हुआ कि यह आक्षेप निस्सार है। असत्य तो है ही, पर अतथ्य भी है। मैं मानता हूं और यह बात स्पष्ट भी है कि संसारमें जितने पयगम्बर-तीर्थंकर हुए, उनमें जहां तक मांसत्यागका सम्बन्ध है, महावीर स्वामीका स्थान असाधारण है - सर्वोच्च है। महावीर स्वामीके ही अनुयायी करीब-करीब शतप्रतिशत मांसका त्याग कर सके यह उन्हींका प्रभाव है। उन्हींका यह प्रभाव है कि आज भारतमें करोडों व्यक्ति जैन न होते हुए भी मांसके त्यागी हैं। भारतको महावीर स्वामीकी यह असाधारण देन है।

महावीर स्वामीका समय सामूहिक मांसत्यागके बारेमें एक संक्रान्तिकाल था। संक्रान्तिकालमें कुछ गड़बड़ी होती ही है। श्रमणोपासक हो जाने पर भी पुरानी आदतोंके अनुसार श्रमणोपासकोंके घरोंमें शायद मांससेवन होता रहा हो, ऐसी कल्पना हम कर सकते हैं। परन्तु सारी बातों पर विचार करने पर मालूम होता है कि अपवादरूपमें भी

महावीर स्वामीने मांससेवन नहीं किया। जनकल्याण की दृष्टिसे भी यह मान्यता उचित है; सत्य है तथा तथ्य की दृष्टिसे भी यही उचित है। यह बात निम्न-लिखित बातोंसें सिद्ध होती है।

१ महावीर स्वामी घोर अहिंसक और घोर तपस्वी थे। खाने-पोनेकी तो बात ही दूसरी है; परन्तु चलने फिरनेमें भी सूक्ष्म जीवोंकी अहिंसा का पूरा खयाल रखते थे। सूक्ष्म जीवोंकी अहिंसाके लिये भी वे अपने जीवनको संकटमे डाल देते थे। ऐसी अवस्थामें यह कल्पना ही असंगत है कि जीवन बचानेके लिये उनने उस अवस्थामें मांस खाया होगा, जिस अवस्थामें वे अहिंसा और संघके संस्थापक, संचालक बन गये थे।

२ उनके जीवनमें ऐसे प्रसंग आते हैं जब सारा साधुसंघ भूख-प्यास से बहुत व्याकुल होने पर भी उनने जलाशयके साफ पानी पीने तक की अनुमति न दी थी, न तिल खाने दिये थे। जो संघके प्राणसंकटमें भी मर्यादाके बाहर पानी तथा अन्नतक के खानेकी अनुमति नहीं देते थे वे स्वयं मांससेवन कर जायंगे यह कल्पना भी असंगत है।

३ जो शब्द भगवती सूत्रमें मांसार्थक मालूम होते हैं वे शब्दकोषोंमें वनस्पत्यर्थक भी हैं। और सैंकड़ों वर्षों से प्रायः सभी जैनाचार्य उनका अर्थ वनस्पति रूपमें ही करते आ रहे हैं। सैंकड़ों-हजारों वर्षोंमें शब्दोंके अर्थ कहीं के कहीं पहुँच जाते हैं। आज जब हम कहते है

कि 'रोटीका सवाल' तब रोटीका अर्थ जीविका होता है। जब कहते है रोटी खानेकी छुट्टी, तब रोटीका अर्थ हरतरहका भोजन, जिसमें मांस भी शामिल है, होता है। पुराने जमानेमें जब मांस व्यापक भोजन था तब साधारण भोजनके अर्थमें भी मांसार्थक शब्द चलते थे। जिसे आज हम दल या गूदा कहते हैं उस जमानेमें वह मांस कहलाता था। जिसे आज रेशा कहते हैं उस जमानेमें वह सिरा या नस कहलाता था। त्वचा शब्द तो आज भी चमडा और छाल दोनों अर्थोंमे चलता है। इन सब बातोंका विचार करनेसे मालूम होता है कि जब अन्य परिस्थितियाँ मांस अर्थके पोषक न हों तब द्व्यर्थक शब्दोंसे मांस अर्थ न लेना चाहिए।

४ महावीर स्वामीको जब पेचिशकी बीमारी हुई थी तब उसके इलाजके रूपमें जो मांसभोजनका अर्थ किया जाता है वह वैद्यक शास्त्रकी दृष्टिसे पेचिशके इलाजके रूपमे लागू नहीं होता। इससे भी उसका मांस अर्थ करना ठीक नहीं।

५ म. बुद्धने भी हिंसाका घोर विरोध किया था, किन्तु यदि जानवर मर जाय तो उसका मांस खानेकी छूट दी थी। इस छूटका यह असर हुआ कि प्राय सारा बौद्ध समाज मांसभक्षी है। बौद्धोंने जानवरोंको खुद न मारकर मांस खानेकी मनमानी तरकीबें निकाल ली है। अगर म. महावीरने चिकित्साके नाम पर भी मांस खाया होता तो चिकित्साके बहाने जैन सब तरह तरहसे मांसभक्षी

होता। पर जिस प्रकार जैन समाज मांसका त्याग कर सका उससे मालूम होता है कि महावीर के जीवनमें अपवाद रूपमें भी मांसभोजनकी गुंजाइश नहीं थी।

ये पाँच कारण काफी प्रबल हैं, जिनसे मालूम होता है कि महावीर स्वामीने मांसभक्षण नहीं किया था। और जब जनकल्याणकी दृष्टिसे भी मांसभक्षण ठीक नहीं है, तब इन पांचों कारणों पर उपेक्षा करके मांसभक्षण सिद्ध करनेकी चेष्टा सर्वथा अनुचित है।

मैं सोचता हूं कि सत्य और तथ्यकी दृष्टिसे महावीर स्वामीके मांसभोजनके पक्षमें आन्दोलन करना किसी भी दृष्टिसे उचित नहीं है। फिर भी जब यह बात कही जाती है तब उसका प्रतिवाद करना आवश्यक हो है।

दिनांक
ता. ५-१-१९५०.

सत्यभक्त
सत्याश्रम-वर्धा



બે બોલ

આજથી લગભગ ૧૫-૨૦ વર્ષ પહેલાં શ્રી ધર્માનંદ કોશાંબીજી તથા પટેલ ગોપાળદાસભાઈએ પોતપોતાનાં પુસ્તકોમાં ભગવાન મહાવીરે પણ માંસાહાર કરેલો જણાવી સમગ્ર જૈનસમાજમાં ખળભળાટ મચાવેલો એથી હું પણ કંઈક સાશક બનેલો પ્રિય પ્રત્યેની ભક્તિ અને પ્રેમ હોવા છતાં સત્યને વિના સંકોચે સ્વીકારી લેવાની મનોવૃત્તિ હોઈ મેં ત્યારે પટેલ સાથે થોડો પત્રવ્યવહાર પણ કરેલો. પણ ત્યારે હુ કોઈ પણ નિર્ણય પર નહોતો આવી શકયો વળી ત્યારે આ બાબત અંગે મારો બિલકુલ અભ્યાસ પણ નહોતો પેન પકડતાં તો હું ત્યાં સુધી શીખ્યો જ નહોતો. પણ પછી મેં જે કંઈ થોડું-ઘણું વાચન કર્યું તથા ગાંધીજીની દૃષ્ટિનો પણ થોડો અભ્યાસ થયો એથી મારી ખાત્રી થઈ કે પંડિતો આ બાબતમાં ભીંત જ ભુલ્યા છે. જો કે એની પાછળ પણ કેટલાક કારણો તો હતા જ. પણ ત્યારે એ પ્રશ્ન ફરી ઉખેળવાનું વાતાવરણ ન હોઈ એ વિચારો મનમાં જ દબાવી રાખેલા પણ જ્યારે ગયે વર્ષે ભારતસરકારે પ્રસિદ્ધ કરેલા એ 'બુદ્ધધર્મ' પુસ્તકને કારણે સમાજમાં ફરી ખળભળાટ મચ્યો ત્યારે સત્ય પર થતા પ્રહાર અંગે દબાઈ પડી રહેલા વિચારો ભભૂકી ઊઠયા પણ આવા સમર્થ વિદ્વાનો અને ખુદ ભારતસરકાર સાથે બથ ભીડવાની મારી હિંમત નહોતી ગજું પણ નહોતું આમ છતા દિલ પર એનો ભારે

બોજ હતો. આથી મારી નજર હંમેશા કોઇ જૈન પંડિતો કે વિદ્વાન આચાર્ય મુનિવરો એનો પ્રબળ પ્રતિકાર કરે એ જોવા વર્તમાનપત્રો પર મંડાયેલી રહેતી. પણ હું નિરાશ થયો. આથી હ્રદયવ્યથા ઠાલવતાં અત્રે બિરાજતા પૂ. મુનિશ્રી ન્યા ન્યા. શ્રી ન્યાયવિજયજીએ મને પોતાને જ પ્રતિકાર કરવા ઉત્સાહિત કર્યો, સાથે શાસ્ત્રપાઠો પૂરા પાડી હિંમત પણ આપી, જેથી આ નિબન્ધ જે હું પૂરો કરી શકયો છું એ એમની જ કૃપાનું ફળ છે

આથી આ નિબંધ માટે એ પૂજ્ય મુનિવરના ઉપકાર સાથે 'જૈનદર્શન અને માંસાહાર' 'ભગવાન મહાવીર અને ઔષધીવિજ્ઞાન' તથા 'જૈનસૂત્રો' નો ઉપયોગ કરવાં બદલ એ ત્રણે ગ્રંથોના લેખકો અને પ્રકાશકોનો પણ આભાર માનું છું

માગધી ભાષાનું મારું જ્ઞાન બિલકુલ ન હોઇ જે કંઈ પાઠદોષ રહી ગયા હોય એ બદલ વાચકોની ક્ષમા ચાહી જૈન સમાજ પાસે આશા રાખું છું કે ભલે પંડિતોને આ વાત ગળે ઊતરે કે ન ઊતરે, સરકાર પણ સંતોષ આપે કે ન આપે તો પણ સાશંક બનેલા ધર્મબંધુઓને તથા ડહોળાયેલા વાતાવરણને કારણે ભાવી પેઢીઓને સત્ય વસ્તુ સમજવામાં ઉપયોગી થઈ પડે એટલા ખાતર પણ આ નિબન્ધના પ્રકાશનને તેઓ આવકારશે.

બે બોલ

આજથી લગભગ ૧૫–૨૦ વર્ષ પહેલાં શ્રી ધર્માનંદ કૌશાંબીજી તથા પટેલ ગોપાળદાસભાઈએ પોતપોતાનાં પુસ્તકોમાં ભગવાન મહાવીરે પણ માંસાહાર કરેલો જણાવી સમગ્ર જૈનસમાજમાં ખળભળાટ મચાવેલો એથી હું પણ કંઈક સાશંક બનેલો. પ્રિય પ્રત્યેની ભક્તિ અને પ્રેમ હોવા છતાં સત્યને વિના સંકોચે સ્વીકારી લેવાની મનોવૃત્તિ હોઈ મેં ત્યારે પટેલ સાથે થોડો પત્રવ્યવહાર પણ કરેલો પણ ત્યારે હુ કોઇ પણ નિર્ણય પર નહોતો આવી શકયો વળી ત્યારે આ બાબત અંગે મારો બિલકુલ અભ્યાસ પણ નહોતો. પેન પકડતાં તો હું ત્યાં સુધી શીખ્યો જ નહોતો. પણ પછી મેં જે કંઈ થોડું–ઘણું વાચન કર્યું તથા ગાંધીજીની દૃષ્ટિનો પણ થોડો અભ્યાસ થયો એથી મારી ખાત્રી થઈ કે પંડિતો આ બાબતમાં ભીંત જ ભૂલ્યા છે. જો કે એની પાછળ પણ કેટલાંક કારણો તો હતાં જ. પણ ત્યારે એ પ્રશ્ન ફરી ઉખેળવાનું વાતાવરણ ન હોઈ એ વિચારો મનમાં જ દબાવી રાખેલા પણ જ્યારે ગયે વર્ષે ભારતસરકારે પ્રસિદ્ધ કરેલા એ 'બુદ્ધધર્મ' પુસ્તકને કારણે સમાજમાં ફરી ખળભળાટ મચ્યો ત્યારે સત્ય પર થતા પ્રહાર અંગે દબાઈ પડી રહેલા વિચારો ભભૂકી ઊઠયા પણ આવા સમર્થ વિદ્વાનો અને ખુદ ભારતસરકાર સાથે બાથ ભીડવાની મારી હિંમત નહોતી ગજું પણ નહોતું આમ છતા દિલ પર એનો ભાર

બોજ હતો. આથી મારી નજર હંમેશાં કોઇ જૈન પંડિતો કે વિદ્વાન આચાર્ય મુનિવરો એનો પ્રબળ પ્રતિકાર કરે એ જોવા વર્તમાનપત્રો પર મંડાયેલી રહેતી. પણ હું નિરાશ થયો. આથી હૃદયવ્યથા ઠાલવતાં અત્રે બિરાજતા પૂ. મુનિશ્રી ન્યા ન્યા. શ્રી ન્યાયવિજયજીએ મને પોતાને જ પ્રતિકાર કરવા ઉત્સાહિત કર્યો, સાથે શાસ્ત્રપાઠો પૂરા પાડી હિંમત પણ આપી, જેથી આ નિબન્ધ જે હું પૂરો કરી શકયો છું એ એમની જ કૃપાનું ફળ છે.

આથી આ નિબંધ માટે એ પૂજ્ય મુનિવરના ઉપકાર સાથે ' જૈનદર્શન અને માંસાહાર ' ' ભગવાન મહાવીર અને ઔષધીવિજ્ઞાન' તથા ' જૈનસૂત્રો ' નો ઉપયોગ કરવાં બદલ એ ત્રણે ગ્રંથોના લેખકો અને પ્રકાશકોનો પણ આભાર માનું છું.

માગધી ભાષાનું મારું જ્ઞાન બિલકુલ ન હોઇ જે કંઈ પાઠદોષ રહી ગયા હોય એ બદલ વાચકોની ક્ષમા ચાહી જૈન સમાજ પાસે આશા રાખું છું કે ભલે પંડિતોને આ વાત ગળે ઊતરે કે ન ઊતરે, સરકાર પણ સંતોષ આપે કે ન આપે તો પણ સાશંક બનેલા ધર્મબંધુઓને તથા ડહોળાયેલા વાતાવરણને કારણે ભાવી પેઢીઓને સત્ય વસ્તુ સમજવામાં ઉપયોગી થઈ પડે એટલા ખાતર પણ આ નિબન્ધના પ્રકાશનને તેઓ આવકારશે.

નિબન્ધ બહુ વહેલો તૈયાર થઈ ગયેલો હોવા છતાં સમાજની જાણીતી સંસ્થાઓ તથા પ્રસિદ્ધ પત્રોના કાર્ય-વાહકોના હાથમાં એ મહિનાઓ સુધી ફર્યો, પણ ભવિ-તવ્યતાના યોગે કોઈ પણ ઠેકાણેથી એ સળંગ કે કકડારૂપે પ્રસિદ્ધ થઈ શકયો નહી. પણ છેવટે પાટણ-શ્રી હેમચન્દ્રા-ચાર્ય જૈન સભાએ એને આવકાર આપ્યો, જેના પરિણામે આ લેખ સભા તરફથી આજે પ્રસિદ્ધ થઈ રહ્યો છે છેલ્લે વાચકોને મારી પ્રાર્થના છે કે રહી ગયેલી ક્ષતિ તરફ જો તેઓ મારુ ધ્યાન દોરશે તો હું એને બીજી આવૃત્તિમા સુધારવા તરફ લક્ષ આપીશ

શ્રીમોહનવિનયમંદિર,
માંડલ (વાયા વીરમગામ)
તા ૧૧-૧૧-૫૭

લે૦
શાહ રતિલાલ મફાભાઇ



વિષયાનુક્રમ

શુદ્ધિપત્ર

પૃષ્ઠ–પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧–૧૪	પુરો	પૂરો
૧૮–૭	બધી	વધી
૪૬–છેલ્લીની ઉપરની પંક્તિ	સુખો મોટે	સુખો માટે મોટે
૬૨–૧૩	વાપરવા	ન વાપરવા
૬૫–૧૬	ઉદ્દાત્ત	ઉદાત્ત



ભગવાન મહાવીર

અને

માંસાહાર

નાના અજ્ઞાન બાળકો સૂર્ય સામે ધૂળ ઉડાડે છે એથી સૂર્ય તો કદી ઝંખવાતો નથી, પણ એ બાળકો જ ધૂળમાં ધૂસરા બને છે. પણ એ તો બાલા રાજાઓની રમત હોઈ આપણે એમની રમતમા માથું નથી મારતા, પણ જ્યારે આજુબાજુ ઊભેલા છોકરાઓની આંખોમાં ધૂળ ભરાય છે ત્યારે આપણે એમને રોકવા માથું મારવું પડે છે.

આમ જો અજ્ઞાન બાળકોની રમતમાય પ્રસંગે આપણે માથું મારવું પડે છે, તો જેઓ વિદ્વાન છે, પંડિત છે, તત્ત્વાભ્યાસીઓ છે અને પ્રાચીન ઇતિહાસના સંશોધકો પણ છે, એ જ્યારે કોઈવાર કોઈ પણ મહાન વ્યક્તિ, સમાજ કે ધર્મ સામે ભૂલભર્યા આક્ષેપો મૂકવા જેવી ભૂલ કરી બેસે છે ત્યારે આપણે માથે એમનો પ્રબળ પ્રતીકાર કરવાની પવિત્ર ફરજ આવી પડે છે. કારણ કે એથી એ તો ઝંખવાય છે પણ સાથે બીજાઓને પણ એ ખુરો પાઠ પૂરો પાડી વિમાર્ગે દોરવામાં નિમિત્ત બને છે, ને એથી પરિણામે દેશ અને સમાજને મોટો ગેરલાભ થાય છે.

ઘણી વાર નિષ્ફળ જાય છે કારણ કે એ ઈચ્છે તોય એ પોતાના પૂર્વ સંસ્કારો, પૂર્વગ્રહો તથા પોતાની અમુક વાતાવરણમાં પોષાયેલી રાગ-દ્વેષની વૃત્તિઓને સહજમાં ભૂલી શકતો કે છોડી શકતો નથી. અને એથી એને એમાં પોતાની મનોવૃત્તિઓનું પ્રતિબિંબ દેખાય છે, જ્યારે તે તે સંપ્રદાયની વ્યક્તિઓને વારસાગત સંસ્કારો મળ્યા હોઈ જેટલું એ એનું હાર્દ જાણી-સમજી શકે છે, એટલું બીજાઓ ભાગ્યે જ સમજી શકે અને એથી એમના મન્તવ્યમાં દોષ પણ આવવાનો સંભવ રહે. મહાત્મા ગાંધીજીએ આજ કારણે કહેલું કે 'અન્ય સંપ્રદાયની કેટલીયે વાતો હું સમજી શકતો નથી. છતાં હું એની ટીકા ન કરું. મારો એ અધિકાર પણ ન ગણાય. અધિકાર તો એ સંપ્રદાયના અનુયાયીઓનો જ ગણાય કે જે પોતાના ધર્મનું હાર્દ મારા કરતાં વિશેષ, વધુ સારી રીતે જાણી શકે અને જ્યાં ક્ષતિ દેખાય ત્યાં બોલવાનો અધિકાર પણ એ જ ધરાવી શકે'

એથી સાચી વાત તો એ હતી કે શ્રી. કૌશાંબીજીએ ભગવાન મહાવીરને માંસાહારી જાહેર કરવા પહેલાં જૈન તત્ત્વના જાણકાર પંડિતો, મુનિઓનો સંપર્ક સાધી એમનું હાર્દ સમજવું જોઈતું હતું ને એમ છતાં વિચારભેદ રહેતો હોત તો પોતાનો એકતરફી અર્થ પ્રતિપાદન કરવાને બદલે એક સંશોધકની દ્રષ્ટિએ જૈનોનું મંતવ્ય પણ એટલા જ આદરપૂર્વક પુસ્તકમાં રજૂ કર્યું હોત તો એ ન્યાયી પગલું

ગણાત. પણ એને બદલે એમણે જે માર્ગ લીધો, તે એમના જેવા પંડિતવર્ય માટે કોઇ પણ રીતે શોભાસ્પદ ન ગણાય.

વસ્તુના સમગ્ર પાસાંઓને વિચાર્યા વિના કેવળ એક-તરફી અઘટિત મન્તવ્ય રજૂ કરવું એ ઠીક ન ગણાય.

પણ ભગવાન મહાવીરને માસાહારી બતાવનાર, મહાત્મા ગાંધીજીસ્થાપિત-ગુજરાતવિદ્યાપીઠ દ્વારા સંચાલિત પૂંજાભાઈ-જૈનગ્રંથમાળાના અનેક જૈન ગ્રંથોના સંપાદક ને વિવેચક શ્રી ગોપાળદાસ જીવાભાઈ પટેલ તેમજ પ્રસિદ્ધ બૌદ્ધ પંડિત શ્રી ધર્માનંદ કૌશાંબીજી બન્ને સમર્થ વિદ્વાનો છે, ઊંડા અભ્યાસીઓ છે તેમજ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધકો તરીકે જાણીતા થયેલા લબ્ધપ્રતિષ્ઠ પંડિતો છે. એમનામાં એ પ્રકારની મનોવૃત્તિઓ કલ્પવા માટે આપણે ધ્રૂજી ઊઠીએ છીએ કારણકે એ જૈન સમાજના કોઈ વિરોધી કે શત્રુઓ નથી ગોપાળદાસ-જીએ તો અનેક જૈન ગ્રંથોનું સંપાદન કરી જૈન સાહિત્યની સેવા કરી છે અને તેવી જ રીતે ધર્માનંદ કૌશાંબીજીએ પણ 'જૈન અને બૌદ્ધ બન્ને પરંપરાઓ ભગવાન શ્રી પાર્શ્વનાથમાંથી ઊતરી આવી છે' કહી બન્ને ધર્મોને સહોદરભાવે સાધવા-જેવું શ્રમણધર્મનું મહત્ત્વ વધાર્યું છે. સાથે, ભગવાન પાર્શ્વનાથનું વડીલપણું સ્વીકારી જૈન ધર્મનું ગૌરવ પણ ગાયું છે આ કારણે એમના પ્રત્યે પૂજ્ય બુદ્ધિ અને આદર ધરાવવા છતાં અનિચ્છાએ એટલું તો જણાવવું પડે છે

કે આખરે તો એ માનવો જ છે, માનવ મનની અક્ષમતા એમને પણ વરેલી હોય એ સ્વાભાવિક છે; અને તેથી જ તેમણે એક યા બીજા કારણે ભગવાન મહાવીરને માંસાહારી બતાવવામાં ભારે ઉતાવળ કરી હોય અને પછી એથી થયેલા જોરદાર પ્રત્યાઘાતને કારણે એ કદાચ આગ્રહી પણ બન્યા હોય અને તેથી એમને ફરી સ્વસ્થતાપૂર્વક વિચાર કરવાની નિરાંત ન પણ સાંપડી હોય.

બીજી બાજુ જૈન સમાજનો પણ એ દોષ કલ્પી શકાય છે કે જૈન સમાજ આજે મુખ્યત્વે વ્યાપારી કોમ હોઈ તેમજ એ કેવળ ક્રિયાકાંડી પંથ બન્યો હોઇ જ્ઞાનક્ષુધા એની નામશેષ બની ગઈ છે અને એથી એણે વિદ્વાનોને આ વાત ગળે ઉતારવા જેટલું પ્રતિભાપૂર્ણ જ્ઞાનબળ કે ચારિત્ર્ય-બળ દાખવ્યું નથી. જે કંઇ વિરોધ થયો છે એ કેવળ પરંપરાગત વિચારધારાને પ્રતિકૂળ માંસાહાર જેવા અસહ્ય ને અરુચિકર અસત્ય પ્રહારને અંગે થયો છે. નહિ કે શાસ્ત્ર, સમાજ, પરંપરા. દેશ, સંસ્કૃતિ તથા ચાલુ યુગને પ્રતિકૂળ એ એક ભૂલભરેલો વિચાર છે અને તેથી દેશ. સમાજ તથા સંસ્કૃતિને એ ભારે હાનિકારક છે એમ સમજીને.

આટલી પ્રાથમિક ભૂમિકા તરફ ધ્યાન દોર્યા પછી મારે એટલું જણાવવું પડે છે કે અમો પણ પરંપરાગં

આ કારણે એમણે ૩૦ વર્ષની વયે મહાભિનિષ્ક્રમણ કર્યું અને જગતના જીવોના દુઃખો કેમ મટે એના ઊંડા વિચારમાં એ ઊતરી ગયા. એ ચિંતનને પરિણામે એમણે જોયું કે ' जीवो जीवस्य जीवनम ' જીવ જીવ પર જ નભે છે અને એથી એ અન્યનું સુખ લૂંટીને જ સુખ મેળવી શકે છે એ અર્થે એને અન્ય જીવોની હિંસા પણ કરવી પડે છે. આમ જગતમાં ' जिसकी लाठी उनकी भेंस '-નો જ ન્યાય પ્રવર્તતો હોઈ નિર્બળ તો પીડાય છે, પણ પીડક પણ સામેથી ઊઠતા એવા જ પ્રત્યાઘાતના જવાબને કારણે ભય સેવતો અશાંતિ ભોગવ્યા કરે છે આમ પીડિત અને પીડક બન્ને ત્રસ્ત હોઈ એમને સુખ પહોંચાડવાના વિચારમાથી મહાવીરને અહિંસાનો દિવ્ય મંત્ર લાધ્યો હતો. પણ એના અમલ માટે જોયું કે ' कम्मेसूरा सो धम्मेसूरा ' કર્મશૂરવીર હોય છે તે જ ધર્મશૂરવીર બની શકે છે. કારણ કે સુખશીલિયા પ્રકૃતિનો નિર્બળ માનવ સહેજે જ ભોગસુખ તરફ ઢળી પડે છે અને તેથી દિલમાં અહિંસાધર્મ હોવા છતાંય એ સુખ અર્થે અન્યનું સુખ લૂંટવા ને એ રીતે હિંસાકૃત્ય કરવા તરફ ખેંચાઈ જાય છે. આ માટે એમણે સુખની લાલચમાં ન ફસાવા મનને સંયમમાં રાખવાની જરૂર જોઈ અને એ અર્થે કઠોર જીવનનો અભ્યાસ પાડવા તપશ્ચર્યાની એરણ પર જીવનને ઘડવું શરૂ કર્યું.

મહાભિનિષ્ક્રમણ કાળથી તે જ્ઞાનપ્રાપ્તિના ?
સુધી આ કારણે એમણે જગતના ઇતિહાસમાય કા
નોંધાયેલી એવી ઘોર તપશ્ચર્યાઓ આદરી હતી અને
અંગે નિર્જન વન-પહાડો, ગુફાઓ, શ્મશાનો તથા (
પ્રદેશોમાં પણ એકલા ફરી ચિંતન-સમાધિ કરવા
માનવ કે ભૂત-પ્રાણીકૃત અનેક ઉગ્ર પીડાઓ પણ
સામ્યથી સહી હતી, જેના પરિણામે એમને સત્યની પ્ર
થઇ હતી. સ્વયં બુદ્ધ પણ આ કારણે એમને દીર્ઘતા
કહી બિરદાવ્યા હતા.

તો કોઇએ યમ નામ આપી જેમના તેમ સ્વીકારી લીધાં છે

આમ એ કાળમાં અહિંસામૂર્તિ મહાવીરે પંચમહાવ્રતરૂપ ધર્મ સ્થાપી એ દ્વારા જનસુધારણાનો એવો વિપ્લવ જગાવ્યો હતો કે અહિંસાની વિરાટ શક્તિના એ ધર્મહુંકારે હિંસાયજ્ઞો બંધ પડી ગયા. સ્ત્રીઓને ધર્મકાર્ય કરવાની પૂરી સ્વતંત્રતા મળી દીન-દલિતોનો ઉદ્ધાર થયો. અને લોકભાષાને મહત્ત્વ સાંપડ્યું તથા ભોગને સ્થાને ત્યાગ અને અપરિગ્રહનો ખૂબ મહિમા વધ્યો. એના પરિણામે આજે ભોગલુબ્ધી જનતા પર પણ ત્યાગનો અદ્ભુત પ્રભાવ પડે છે. આમ જગતમાં અહિંસા અને કરુણાનો, સમતા અને સમાનતાનો, ત્યાગ અને સંયમનો અર્થાત જીવનશુદ્ધિનો જે નાદ એમણે પૂર્વમાં અંગ-બંગથી માંડી પશ્ચિમે સિંધુ-સૌવીર સુધી ગજવેલો એથી મહાન નૃપતિઓ, દિગ્ગજ પંડિતો, ધનિક શ્રેષ્ઠિઓ ઉપરાંત સામાન્ય આમજનતા પણ સર્પ કાંચળી ઉતારે તેમ સંસારભોગોનો ત્યાગ કરી જીવનની સાધના અર્થે એમના ચરણે જીવન સમર્પિત કરવા લાગી હતી.

આમ એમણે હિંસાને સ્થાને અહિંસા, વિલાસને સ્થાને બ્રહ્મચર્ય, ભેદભાવ સામે સમાનતા, માંસાહારને સ્થાને અન્નાહાર તથા પ્રમાદ સામે સતત જાગૃતિની સાધનાને વેગ આપ્યો હતો એ અંગે એ પુરુષ કેવા મહાન્ હતા એ સંબંધમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી તેમના ' દર્શન

और चिन्तन ' હિન્દી ગ્રંથમાં ' पार्श्वनाथकी विरासत ' નામના લેખમાં પાને ૧૪ લખે છે કે ' पर जब मानवसुलभ दुर्बलता के कारण अब्रह्मविरमणमें शिथिलता आई और परिग्रहविरति अर्थ में स्पष्टता करनेकी जरूरत मालूम हुई तब महावीरने अब्रह्मविरमण को परिग्रहविरमणसे अलग स्वतंत्र यमरूपमें स्वीकार करके पाँच महाव्रतोंकी भीष्म प्रतिज्ञा निर्गन्थों के लिये रखी और स्वयं उस प्रतिज्ञा-पालनके पुरस्कर्ता हुए । इतना ही नहीं, बल्कि क्षण क्षणमें जीवनक्रममें बदलनेवाली मनोवृत्तियों के कारण होनेवाले मानसिक, वाचिक, कायिक दोष भी महावीरको निर्ग्रंथ जीवनके लिये अखरने लगे, इससे उन्होंने निर्गन्थ जीवनमें सतत जागृति रखनेकी दृष्टिसे प्रतिक्रमण धर्मको नियत स्थान दिया, जिससे कि प्रत्येक निर्ग्रंथ सायं प्रातः अपने जीवनकी त्रुटियोंका निरीक्षण करे और लगे दोषोंकी आलोचना-पूर्वक आयदा दोषोंसे बचनेके लिये शुद्ध संकल्पको दृढ करे । महावीरकी जीवनचर्या और उनके उपदेशोंसे यह भली भाँति ज्ञात पडता है कि उन्होंने स्वीकृत प्रतिज्ञाकी शुद्धि और अन्तर्जागृति पर जितना भार दिया है, उतना अन्य चीजों पर नहीं ।'

આમ જે પુરુષે એ અંધકારયુગમાં પ્રકાશ રેલાવી જગતના જીવો પ્રત્યેની મૈત્રીભાવનાથી અહિંસાનો મંત્ર ગજવી જીવનશુદ્ધિની સાધના અર્થે સતત અંતર્જાગૃતિ અને શુદ્ધિ પર સહુથી વિશેષ ભાર મૂક્યો છે એવા પુરુષને માંસાહારી સિદ્ધ કરવાનો પ્રયત્ન અસંબદ્ધ અને અયોગ્ય છે

જે પુરુષે વીરહાક ગજાવી અઢી હજાર વર્ષ પૂર્વેના ભારતને એકવાર હલબલાવી મૂક્યું હતું. એ ભલે આજે પરિમિત ક્ષેત્ર પૂરતા જ પ્રસિદ્ધ રહ્યા હોય, પણ એમણે શીખવેલા અહિંસા, સ્યાદ્વાદ (અન્યના દૃષ્ટિબિંદુને સમજવાની ઉદારતા અને એ કારણે સત્યાભિમુખ વિરોધી વિચારોને સાંધવાની કળા) અને અપરિગ્રહ જેવા સિદ્ધાંતો, જેમને એમણે ચરમ સીમા સુધી વિકસાવ્યા હતા એ તરફ આજનું ત્રસ્ત જગત આશાની મીટ માંડી રહ્યું છે ભલે એ તત્ત્વો જૈન ઢાળે ઢળેલા ન હોય પણ આજના યુગને અનુરૂપ ઢાળે ઢળેલા હોય. તેથી એની કિંમત-મહત્તા કંઈ ઓછી થતી નથી ઉલટું બબ્બે વિશ્વયુદ્ધો પછી તો એ તત્ત્વો આજે જગમાન્ય બનવા લાગ્યાં છે. જો કે આજે કૂદકે ને ભૂસકે વધતા વિજ્ઞાને સર્જેલી સુખસગવડોને કારણે જનતા ભોગ તરફ ધસી રહી છે, પણ વહેલી કે મોડી થાકીને ભોગ-ત્યાગના-મર્યાદાના અર્થાત અપરિગ્રહના માર્ગે આવ્યા સિવાય એનો છૂટકો જ નથી અને ત્યાંસુધી જગતમાં કદી શાંતિ ઊતરવાની પણ નથી કારણ કે પરિગ્રહ એ જ સર્વ પાપોનું, કલેશોનું મૂળ છે આમ આજના વિશ્વને આ ત્રણ મહાવીરી સિદ્ધાંતો અપનાવ્યા વિના કોઈ આરોવારો ન રહ્યો જન-ક્રમણોની જેમ પાદવિહાર કરી વિનોબાજી ગામેગામ ઘૂમી રહ્યા છે અને એ રીતે જગ-શાંતિ અર્થે ત્યાગનો પાયો નાખી રહ્યા છે આમ મહાવીરનું મહત્ત્વ જનસંખ્યા પર

નિર્ભર નથી, પણ એમનાં વિશ્વકલ્યાણકારી તત્ત્વોની તાકાત પર નિર્ભર છે.

પણ દુર્ભાગ્યની વાત છે કે સત્ય. સત્યના બળ પર નહી, પણ મોટે ભાગે સંખ્યાને કારણે જ પૂજાતું રહ્યું છે, જેથી સત્યની ઓથે અર્ધસત્યો કે અસત્યો પણ પૂજાતા રહ્યાં છે.

કરોડોની સંખ્યા હોવાને કારણે અન્યનો ઊઠેલો અવાજ ભારતસરકારના કાન ઉઘાડી નાખે છે, પણ વેરણછેરણ અતિઅલ્પ સંખ્યાને કારણે જૈન સમાજનો અવાજ સાચો હોવા છતાય એટલે સુધી પહોચી શકતો નથી. એટલું જ નહી, પણ આદરણીય અને પ્રસિદ્ધ ગણાતી સંસ્થાના મુખપત્રો તો ઉપરથી સમગ્ર જૈનેતર સંસ્થાઓને ' સત્ય અને સંશોધન' ના નામે જૈનસમાજના વિરોધનો પ્રતીકાર કરવા પણ ઉશ્કેરે છે એ બતાવે છે કે જગત હમેશા સંખ્યા અને સત્તાને જ નમતું–પૂજતુ આવ્યું છે

પણ એથીયે વધારે દુ:ખની વાત તો એ છે કે અમારા પૂજ્ય મુનિવરો નાની અને નમાલી વાતો જેવા કોઇ બીજા જ તરંગોમા રાચી રહ્યા છે ધનિકોને અર્થપ્રાપ્તિ વિના બીજતમાં રસ નથી શાસ્ત્રજ્ઞ પંડિતોનુ સમાજમા સ્થાન નથી અને છે એ પણ ચૂપ છે અને સામાન્ય જનતા તો જીવનવિગ્રહમા જ એવી અટવાયેલી છે કે આ બાબતનું

એને કશું જ ભાન નથી. ત્યાં સત્યભક્ત એકલદોકલ મુનિઓ કે ગણ્યાગાંઠ્યા ગૃહસ્થોના દિલમાં સત્ય પર થયેલા પ્રહાર અંગે જે દર્દભરી વેદના છે એથી એમની સ્થિતિ એવી છે કે हृदय रो उठता है, परंतु हम किसके पास जाकर रोयें ? हमारा रोना भी सुननेवाला कोई नहीं ! फिर हम हमारे दिलकी वेदनायें किसे बतायें ?

આથી મહાભારતકારના શબ્દોમાં સહજ ફેરફાર સાથે

" ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चित् शृणोति मे "

હાથ ઊંચા કરીને પોકારું છું કે અમે કંઈ ભીખ માગતા નથી, પણ અમારી વાતો સાંભળો, દલીલો વિચારો, પણ આમ એકતરફી પૂજ્ય પુરુષો પર આરોપો કરી અન્યાયને વેગ ન આપો. કોઈ એમ કહે છે કે આવા વિરોધોને વશ થવાય તો જગતમાં પંડિતોને માટે સત્ય અને સંશોધનનો માર્ગ જ બંધ થઈ જાય. પણ ભલા એટલું તો વિચારો કે એ જ ધર્માનંદ કૌશાંબીજીએ ગીતાના નિષ્કામ કર્મયોગ અને કુળધર્મના તત્ત્વજ્ઞાન પર ગીતાભક્તોને સહેજે ન ગમે એવી આકરી આલોચના કરેલી તેમજ સંશોધનની દૃષ્ટિએ ગીતાનો રચનાકાળ ચોથા સૈકાનો સિદ્ધ કરેલો એ એમના 'હિંદી સંસ્કૃતિ અને અહિંસા' પુસ્તકને બહુમત ગીતાના આરાધકો ગણાવનારાઓમાંથી કોઈ પણ ૧૦-૧૦ વર્ષ સુધી છાપવાની હિંમત નહોતું કરી શક્યું. અને ઉપરથી

એમને જાણીતા ઉદ્યોગપતિ તરફથી–સાંભળવા પ્રમાણે–મળતો દરમાયો પણ બંધ કરવામાં આવ્યો હતો, ત્યારે 'સત્ય અને સંશોધન' ના પક્ષકારોમાંથી કોઈએ એમને મદદ કે સાથ નહોતો આપ્યો. એ જ બતાવે છે કે સત્યની આરાધનાની કોઈને નથી પડી પણ સત્યને નામે સંખ્યાબળની શક્તિની જ આરાધના કરવા તરફ આપણે મોટે ભાગે ઝૂકેલા રહ્યા છીએ, એમ સહેજે જણાઈ આવે છે

આજના ભારતને બુદ્ધના સમભાવના ઉપદેશોની જરૂર હોઈ ભારતસરકાર એમાં પૂરો રસ લઈ રહી છે ને એ ખાતર એ લાખોનો ખર્ચ પણ ઉઠાવી રહી છે ન્યાય–દૃષ્ટિએ ભગવાન મહાવીર જે બુદ્ધના જીવનકાર્યમાં પૂરા ભાગીદાર હતા એમને ઓળખ્યા વિના બુદ્ધને પણ પૂરા ન ઓળખી શકાય, તેમજ એ રીતે બુદ્ધને સમજ્યા વિના મહાવીરને પણ પૂરા ન સમજી શકાય. કારણ કે છેવટે તો ગંગા–યમુનાની જેમ એ બન્ને વિચારધારાઓએ સાથે મળીને જ શ્રમણસંસ્કૃતિરૂપે જગતને નવપ્રકાશ આપ્યો છે. અને આજના તપ્ત-ત્રસ્ત જગતને પણ શાંતિ–સુખની ચાવી એમના અહિંસા અને અપરિગ્રહ, સ્યાદ્વાદ અને સમાનતા તથા સંયમ અને સદાચારના સિદ્ધાંતોના પાલન દ્વારા જ પ્રાપ્ત થઈ શકે તેમ છે

આમ બન્નેનું જીવનકાર્ય સરખું હતું. જીવનશુદ્ધિ

માટે બન્નેનો સરખો જ આગ્રહ હતો. જો કે અહિંસા-અપરિગ્રહ અને ત્યાગમાં મહાવીર ખૂબ આગળ નીકળી ગયેલા હતા, છતાં બન્ને સરખા જ આમજનતાના ગુરુ હતા. બુદ્ધે સામાન્ય જનતાને સદાચાર અને નીતિનો સાદો ધર્મ આપી ધર્મમાર્ગે ચઢાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો, ત્યારે મહાવીરે એવા પંથે વળેલા સાધકો માટે તપ-ત્યાગનો કઠિન માર્ગ આંકી આપી એમને નિર્વાણ સુધી પહોંચાડી દેવામાં જ જીવનની સફળતા માની હતી. મતલબ કે મહાવીરના માર્ગને વેગ આપનાર બુદ્ધ હતા અને બુદ્ધના માર્ગને ઉન્નત શિખરે પહોંચાડનાર મહાવીર હતા. એનો અર્થ એ નથી કે બન્નેમાં બન્ને પ્રકારના સાધકો નહોતા. પણ એમની પ્રધાન દૃષ્ટિ આ હતી. આમ બન્ને એકબીજાના પૂરક હતા. પ્રતિસ્પર્ધીઓ નહીં. માનવ જીવનની ભિન્ન ભિન્ન દશાને ધ્યાનમાં રાખીને જ એમણે પોતપોતાના આચાર-નિયમોની ગોઠવણી કરી હતી. એથી બુદ્ધે એ કાળમાં પ્રચલિત ૩૬૩ મતપંથોની તર્કવાદ-જંજાળથી બચાવવા દરેક પરોક્ષ ગૂઢ પ્રશ્નોને અવ્યાકૃત (કહી ન શકાય તેવા) કહી દીધા છે. જ્યારે મહાવીરે વિશ્વનું અંતિમ રહસ્ય શું છે જાણવાની આતુર દશાએ ઊભી જિજ્ઞાસુવૃત્તિને સંતોષવા બધા જ ગૂઢ પ્રશ્નોના ખુલાસા આપ્યા છે. તેમજ બુદ્ધનો અનાત્મવાદ પણ એક માત્ર જડની માન્યતાની પ્રતિક્રિયાનું પરિણામ હતું, જેથી એમાં નિર્વાણ એટલે દીપનાશ-શૂન્યતા જેવું છે

છે, જ્યારે મહાવીરના શાસનમાં આત્માનું અસ્તિત્વ પ્રતિ
પાદિત હોઇ આત્માની પરમ નૈર્મલ્યની પ્રાપ્તિ એ જ નિર્વાણ છે
એકે સ્ત્રીજાતિના આત્મવિકાસ માટે સ્વતંત્રતા આપવાની
પહેલ કરી એ યુગમા ભારે નૈતિક હિંમત બતાવી હતી તો
બીજાએ વર્ણાશ્રમવિરોધી મોરચો ઊભો કરવા માટે કંઈ
ઓછી ગાળો ખાધી નથી.

આમ બન્નેના જીવનનો અભ્યાસ કરતાં જણાઈ આવે
છે કે એમના આચાર—વિચારોમાં જે કંઈ ભેદ—મર્યાદા
જણાય છે એનું કારણ માનવકક્ષાના ભિન્ન ભિન્ન થરોને
નજરમા રાખી કરેલું કાર્ય છે. આમ છતાં બુદ્ધનો માર્ગ
સરલ હોઈ એ વ્યાપક પ્રસિદ્ધિ પામ્યો છે, જ્યારે કઠિન
સાધનામાર્ગને અંગે મહાવીર અમુક વ્યક્તિઓ કે વર્ગ
પૂરતા જ મર્યાદિત રહ્યા છે. આમ છતા એમણે શીખવેલા
તત્ત્વો આજે જે રીતે જગમાન્ય થવા લાગ્યાં છે એ જ એમની
વિરાટતાનાં સૂચક છે ભલે પછી એ નામથી જગતને અજાણ
રહ્યા હોય મહાવીરને સમજવા માટે આટલુ કહી હવે
આપણે એમના માંસાહારના વિવાદાત્મક પ્રશ્નની ચર્ચા કરીએ.

મહાવીરના માંસાહારસંબંધી વાંધાવાળો જે પાઠ
ભગવતી સૂત્રના શતક ૧૫ મા મા આપવામા આવ્યો છે તેનો
અર્થ જૈનપરંપરાનુસાર મૂળથી જ વનસ્પતિવાચક કરા
તો આવ્યો છે, જ્યારે આજના પંડિતો વનસ્પતિવાચક

અર્થ ભૂલાઈ જવાના કારણે એના એકતરફી માંસાહાર અર્થ ઘટાવવા લાગ્યા છે એથી પ્રથમ આપણે જે કારણે આ પ્રસંગવાળી ઘટના બની એના મૂળમાં જઈએ અને તો જ એનો સત્યનિર્ણય કરવાની આપણને ભૂમિકા હાથ લાગે.

ભગવાનના પ્રથમ શિષ્ય બનેલ અને પાછળથી પ્રબલ પ્રતિસ્પર્ધી તરીકે આજીવક પંથના બનેલા નેતા મંખલીપુત્ર ગોશાલકનું શ્રાવસ્તીમા ચાતુર્માસ હતું ભગવાનનું ચાતુર્માસ પણ ત્યાં જ હતું. એથી સહજ છે કે બન્ને સંઘના તત્ત્વ સિદ્ધાંતોની ચર્ચાના પ્રસંગો ઊભા થાય જ. પણ એમાંથી વાત આગળ વધી ને તેથી કોપાયમાન થયેલા ગોશાલકે ભગવાનની રૂબરૂ આવી જણાવ્યું કે ' રે મહાશ્રમણ ' તું મને તારા શિષ્ય તરીકે ઓળખાવી મારું અપમાન કરે છે તો જા, મારા તપતેજના પ્રભાવથી તું છ મહિનામાં જ બીમાર પડી મરણ પામીશ !' ભગવાને તેને સમજાવ્યો કે ' તું હવે એક જ અઠવાડિયું જીવતો રહેવાનો છે છતાં અસત્ય ભાષણ કરી આ માટે તને ન શોભતું અધર્માચરણ કરે છે ' આ ઘટના પછી ગોશાલક તો અઠવાડિયામાં જ મૃત્યુ પામ્યો, જ્યારે ભગવાન તો એ પછી ૧૬ વર્ષ સુધી ધર્મપ્રચાર કરતા જીવતા રહ્યા હતા. છતાં ત્યારથી છ મહિનાની માંદગી તો એમણે ભોગવી જ.

ભગવાનને પિત્તજ્વર લાગુ પડ્યો હતો તથા લોહીના ઝાડા પણ થયા કરતા હતા. શરીર [illegible] નંખાઈ ગયું

હતું. છતાં કોઈ પણ જાતની ઔષધિ લેવાનું ત્યારે એમણે ઉચિત નહોતું માન્યું. આમ બીમારી એટલી લૂંબી રહી હતી કે એકવાર તો અફવા પણ ઊઠેલી કે જ્ઞાતપુત્રનું નિર્વાણ થયું.

ભગવાનની આ દશા જોઈને ત્યાંથી પાછા ફરતાં નગરવાસીઓ આપસઆપસમાં વાતો કરતા હતા કે ભગવાનનું શરીર હવે ક્ષીણ થઈ રહ્યું છે. કદાચ ગોશાલકે ભાખેલી ભવિષ્યવાણી સાચી પણ પડે.

મેંઢિય ગામની બહાર સાલકોષ્ઠક ચૈત્યની પાસે રહેલા માલુકાકચ્છમાં ધ્યાન ધરતા ભગવાનના શિષ્ય સિંહ અણગારે આ વાત સાંભળી. એથી એનું ધ્યાન તૂટી ગયું અને પોતાના ગુરુનો દેહાન્ત થશે તો સંસાર એમના માટે શું કહેશે ? આવા વિચારથી ખિન્ન બનીને એ ભગવાન પાસે આવવા નીકળ્યો પણ આ વિચારથી લાગણીવશ બની એ રસ્તામાં જ ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો અને જમીન પર ઢળી પડ્યો. આગળ જવાની શક્તિ જ એ એથી ખોઈ બેઠો હતો. આથી ભગવાને આ વાત જાણી એ સિંહ અણગારને પોતાની પાસે બોલાવી લાવવા પોતાના શિષ્યોને મોકલ્યા

જ્યારે સિંહમુનિ ભગવાન પાસે આવ્યો ત્યારે ભગવાને એને સાંત્વન આપી જણાવ્યું કે 'વત્સ ! મારા માટે તું રડ નહીં હું તો હજુ ૧૬ વર્ષ સુધી જીવતો રહેવાનો છું.

માટે ખેદ ન કરીશ' ત્યારે સિંહ મુનિએ જવાબ વાળ્યો કે 'ભગવન્! આપનું વચન સત્ય હો, પણ આપનું શરીર પ્રતિદિન ક્ષીણ બની રહ્યું છે એ જોઈ અમને વ્યાકુળતા થાય એ સહજ છે. તો પ્રભો! આપ કંઈ ઔષધિ ન લ્યો? આ બીમારી હટાવવાનો કોઈ ઉપાય તો આપે કરવો જ જોઈએ તેથી જો આપ કંઈ ઔષધ લેવાનું શરૂ કરો તો અમને કંઈક નિરાંત થાય.'

ભગવાને કહ્યું કે 'વત્સ! જો તારી એવી જ ઇચ્છા છે તો તું મેંઢિયગ્રામમાં ગૃહસ્થપત્ની રેવતીને ઘેર જા. એણે ઘેર કોળું અને બીજોરાંમાંથી બનાવેલી બે ઔષધિઓ છે. એમાં પહેલી મારા માટે બનાવવામાં આવી છે એનું મારે કામ નથી, પણ બીજી જે રેવતીએ અન્ય કારણે બનાવી છે એ આ રોગની નિવૃત્તિ માટે ઉપયોગી છે. તો તું એ લઈ આવ.' ભગવાનની આજ્ઞા મળતાં સિંહ રેવતીને ત્યાં ગયો અને બીજી ઔષધિ વહોરી લાવ્યો. એના સેવનથી ભગવાનનો વ્યાધિ દૂર થયો ને ભગવાનનું શરીર ફરી તેજસ્વી અને આરોગ્યવાન બની ગયું

મૂળ સૂત્રમાં આ વાતનો પાઠ આ પ્રમાણે છે—

" तत्थ ण रेवतीए गाहावतिणीए मम अट्ठाए दुवे कवोय-सरीरा उवक्खडिया तेहिं नो अट्ठो. अत्थि से अन्ने पारिया-सिए मज्जारकडए कुक्कुडमंसए. तमाहराहि. एएणं अट्ठो। "

આનો સંસ્કૃતમાં અર્થ આ પ્રમાણે—

मदर्थं द्वे कुष्मांडफलशरीरे उपस्कृते, न ताभ्यां प्रयोजनम्।
तथा ऽन्यदस्ति तद्गृहे परिवासित मार्जाराभिधानस्य
वायोर्निवृत्तिकारकं कुर्कुटमांसकं बीजपूरककटाहमित्यर्थः।
तदाहर। तेन न प्रयोजनमिति।

અર્થાત્ તું નગરમાં જા અને રેવતી નામની ગૃહસ્થપત્નીએ મારા માટે બે કોળાનાં ફળો સંસ્કાર કરીને તૈયાર કર્યાં છે એનું મારે પ્રયોજન નથી, પરંતુ તેના ઘરમા માર્જાર નામના વાયુની નિવૃત્તિ કરવાવાળો અથવા વનસ્પતિવિશેષથી ભાવિત બીજોરા ફળનો ગર્ભ છે તે લઈ આવ. તેનું મારે પ્રયોજન છે.

ધર્માનંદ કૌશાબીજી તથા ગોપાળદાસજી પટેલે આનો અર્થ આ પ્રમાણે કર્યો છે ' ત્યાં રેવતી ગૃહપત્નીએ મારા માટે બે કબૂતર રાંધીને તૈયાર કરેલાં છે તેનું મારે કામ નથી, પણ ગઈ કાલે બિલાડાએ મારેલા કૂકડાનું માંસ તેણે તૈયાર કર્યું છે ને મારે માટે લઈ આવ.' (ભગવતીસા૦ પાનું ૩૦૦)

આ પાઠની અંદર જે શબ્દોના વાંધા પડતા અર્થો છે તે દ્વિઅર્થી શબ્દો આ બે વાક્યોમાં કુલ છ છે જે આ પ્રમાણે છે—

कवोय. सरीरा, मज्जार. कडप, कुक्कुड. मंस.

અને તેના બબ્બે અર્થો નીચે પ્રમાણે છે—

कवोय = कपोत કબૂતર તેમજ કુષ્માંડ ફળ-ભૂરું કોળું

सरीरा = शरीर પ્રાણીનું શરીર તેમજ વનસ્પતિનું શરીર

વનસ્પતિનું શરીર એટલે વનસ્પતિની છાલ, પત્ર, ફૂલ, મૂળસહિત ગર્ભ.

मज्जार = मार्जार બિલાડી તેમજ ભોંયકોળું તથા 'માર્જાર' નામનો વાયુ.

कडय = कृतं સંસ્કૃત કરેલું. ભાવના દીધેલું.

कुक्कुड = कुर्कुट કૂકડો તેમજ બીજોરૂં.

मंस = मांस માંસ અથવા ફળનો ગર્ભ

આ તથા આના જેવા સેંકડો શબ્દો બહુ જૂના કાળથી વપરાતા આવ્યા છે. જેના પુરાવારૂપે 'વૈદકશબ્દસિંધુ,' 'રાજવલ્લભ,' 'ભાવપ્રકાશ,' 'સુશ્રુતસંહિતા,' 'શાલિગ્રામ નિઘંટુ,' 'બૃહદ્‌નિઘંટુ' આદિ વૈદક ગ્રંથોમાં તથા પ્રજ્ઞાપના સૂત્ર નામના જૈન આગમ ગ્રંથમાં વનસ્પતિવાચક અને પ્રાણી-વાચક એમ બન્ને અર્થવાળાં સેંકડો ચીજોનાં નામ અર્થ અને સમજુતી સાથે સ્પષ્ટ રીતે આપવામાં આવેલાં છે, જે વિષે આજ સુધીમાં આ પત્રોમાં કેટલીયે વાર પુસ્તિકાઓ, લેખો તથા નિબંધોરૂપે જવાબ વાળવામાં આવ્યા છે જેથી ચર્ચિત વિષયને ફરી ન ચર્ચતાં એમાંથી કયો કયો અર્થ વધુ બંધબેસતો થઈ શકે તેમ છે એ જ વિચારવાનું રહ્યું. અને એ માટે આપણે બીજાં પ્રમાણો પણ મેળવીશું, જેવા

વાચકોને પણ ખાત્રી થશે કે પંડિતોના હાથે કેવી મોટી ભૂલ થઈ ગઈ છે! આપણે હવે એમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓ વિચારીએ.

(૧) પ્રથમ તો दुवे कवोयसरीरा એટલે 'બે કબૂતરોનાં શરીરો' એમ અર્થ કરવામા આવ્યો છે, તો પાંખો, હડ્ડી, ચામડી વિ. સાથે જ શરીર કહેવાય તો શું એ બધા ભાગો ભૂંજી કે રાંધી શકાય ખરા? માંસાહારી લોકો એ ભાગો વાપરતા નથી, વાપરી પણ ન શકાય. એટલે कवोयसरीरा નો અર્થ કુષ્માંડક (ભૂરું કોળું) ગણીએ તો એના ગર્ભ ઉપરાત છાલ, બીજ વિ. સાથે એ કોળાનું શરીર ગણાય જે સહેજે ભૂંજી–રાંધી શકાય છે. આથી 'બે કબૂતરોના શરીર' એમ અર્થ કરવા કરતા 'બે કોળા' અર્થ વધુ બંધબેસતો થઈ શકે છે

(૨) તે જ રીતે पारियासिए નો અર્થ 'અધિક જૂનું' કરી પાક અર્થ સાથે બંધ બેસાડવો જોઈએ. પંડિતોએ એનો અર્થ 'વાસી' કર્યો છે, પણ અહીં જૂનું એ અર્થ લેવાનો અને એ પાકને બરાબર સંગત થઈ શકે કારણ કે એ ઘણો વખત રહી શકે છે.

(૩) એ જ પ્રમાણે मंसए શબ્દનો અર્થ પણ અહીં પા ઘટે છે

(૪) પણ એ બધાય કરતાં આશ્ચર્યની વાત તો એ છે કે પંડિતોએ માર્જારકૃતં નો અર્થ બિલાડાએ મારેલું એવો કર્યો છે, જે સમજાતો જ નથી. કૃતપ નું સંસ્કૃત કૃતં થાય છે. કૃત નો અર્થ કરેલું, સંસ્કૃત કરેલું એટલે ભાવના દીધેલું એવો થઈ શકે, પણ 'મારેલું' એવો અર્થ એમણે કેવી રીતે ઉપજાવી કાઢ્યો હશે? માટે, 'બે કબૂતરોનાં શરીર રાંધ્યા છે એની મારે જરૂર નથી, પણ બિલાડાએ મારેલા કૂકડાનું વાસી માંસ લઈ આવ' એ અર્થ કરતાં 'બે કોળાનો પાક તૈયાર કર્યો છે એની મારે જરૂર નથી, પણ કોળાની ભાવના આપેલો બીજોરાનો કંઈક જૂનો એવો પાક તૈયાર કર્યો છે એ તું લઈ આવ' એ જ અર્થ પૂરેપૂરો ઘટી શકે છે. પણ જો પંડિતો શાબ્દિક ચર્ચામાં ઉતરી પોતે કરેલો અર્થ જ સાચો છે એ પર આગ્રહ રાખે તો આપણે આગળ પુરાવાઓ અન્ય પ્રમાણો પુરાં પાડવા જોઈએ, જેથી પંડિતોને ફરી વિચાર કરવાની તક મળે.

(૫) બીજો મુદ્દો પણ એક વિચારવા જેવો છે. તે એ છે કે જે રેવતી અત્યંત ધર્માનુરાગી હતી તે કબૂતર મારી ખાશે? કારણ કે જ્યાં જળ-વનસ્પતિ જેવા એકેન્દ્રિય જીવોને વિરાધના (પીડા) પહોંચાડવી એ પણ પાપકર્મ મનાયું છે ત્યાં તે પંચેન્દ્રિય જીવની હિંસા કરે કે કરાવે એ માની શકાય તેવી વાત છે? કારણ કે [illegible]

વિવેક નહી હોય. પણ એ શ્રદ્ધા ભક્તિ તો હોય છે. કલકત્તાના કાલીમંદિરમાં મેં જોયું હતું કે અનેક ભક્તો મંદિરને પ્રદક્ષિણા કરતાં કરતાં એની દીવાલે માથું અફડી 'ઓ-મા, ઓ-મા,' કહેતાં કહેતાં ગળગળા થઈ જતા, જેથી મેં માનેલું કે હિંસાની સાંભળેલી વાતો ખોટી હશે. પણ જ્યારે બીજે દિવસે સવારે જોયું તો હું આભો જ બની ગયો. એ જ પંડિતો-ભક્તો બકરાની પૂજા કરી એની કતલ કરતા અને પછી એના લોહીથી એકઠા થયેલા દર્શનાર્થીઓને કપાળે તિલક કરી પ્રસાદની વહેંચણી કરતા. આમ ભક્તિ હોવા છતાં એમાં વિવેક કે સાધનશુદ્ધિ ન હોઈ એવું કર્મ જૈન-દૃષ્ટિએ મહાપાપ કર્મ મનાયું છે જેથી દેવની દેવી હિંસા કરે કે કરાવે એ કદિયે સંભવી ન શકે. જેથી કપોત નો અર્થ કોળું જ હોવો ઘટે છે.

) છતાં માની લઈએ કે પંડિતોએ તારવેલો અર્થ જ સાચો છે, પણ હું પંડિતોને તથા એમના સિદ્ધાંતના પક્ષપાતી ભાઈઓને પૂછું છું કે જ્યાં ભગવાન ૬-૬ માસથી પિત્તજ્વરથી પીડાતા હતા, લોહીના ઝાડા થતા હતા અને શરીર ખૂબ નંખાઈ ગયું હતું એવી પરિસ્થિતિમાં ગરમ એવું કુકડાનું માંસ ખાવાનું કહી મંગાવે ખરું ? ડૉક્ટર પણ એવી સલાહ ન આપે કારણ કે એ એવું નો સમજતો જ હોય. એટલે કે જ્યાં લોહીના ઝાડા

થતા હોય ત્યાં તો એ મૃત્યુને જ નોતરવા જેવું ગણાય. મેં કેટલાય હકીમોને પૂછીને ખાત્રી કરી છે. એ બધાનું કહેવું હતું કે 'જ્યાં આખર જેવી સ્થિતિ હોય, ઝાડા ચાલુ હોય ત્યાં એ પચે જ નહી, એથી ઊલટા ઝાડા વધે અને દર્દી ખુદાના દરબારમાં જ જલદી પહોંચી જાય'

પણ અમારા મુરબ્બી પંડિતોનું આવી સીધી-સાદી વાત સમજવા તરફ ધ્યાન કેમ નહી ગયુ હોય? અરે! એમણે કોઇ વૈદ-ડોકટરને પૂછવાની જો દરકાર કરી હોત તો ભગવાને કૂકડાનું માસ લીધેલું એવી વાત કરતા એ જરૂર ખમચાત પણ એમણે આરોગ્યની સીધી-સાદી વાત સમજવા તરફ લક્ષ જ આપ્યું જણાતું નથી નહિ તો નવો અર્થ આપવાના ઉત્સાહમા સમાજને ખળભળાવી નાખનારો આવો ધડાકો કરતાં પહેલા એ દશ વખત વિચાર કરત બીજી બાજુ मातुर्लिंगस्य वातजित् बृंहण मधुरं मांस पित्तहरं गुरु (વાગ્ભટ્ટ) એ મુજબ બીજોરાનો ગર્ભ વાત-પિત્તશામક હોઇ પિત્તજ્વર, ઝાડા વિ. માટે અકસીર ઉપાય છે એ તો આજનો સામાન્ય માનવી પણ જાણે છે અત અહીં બીજોરા-પાક અર્થ જ ગ્રાહ્ય છે. એ પણ યાદ રહે કે બીજોરાના ગર્ભ માટે વાગ્ભટ્ટે અહીં मांस શબ્દ વાપર્યો છે

(૭) એક બીજી વાત પણ વિચારણીય છે અને તે એ કે જગતમા જે જે મહાન વ્યક્તિઓએ જગતને ઘડવાનો

પ્રયત્ન કર્યો છે એ પોતાની જીવનનિષ્ઠા-સિદ્ધાંત પર અત્યંત આગ્રહી હોય છે અને તો જ એ અજ્ઞાનના ગાઢ અરણ્યમાં પ્રકાશનો નવો ચીલો પાડી નવ્ય માર્ગ નિર્માણ કરી શકે છે જેટલી ધ્યેયનિષ્ઠા-સિદ્ધાંતની જાગ્રતીનો આગ્રહ તીવ્ર હોય છે તેટલા પ્રમાણમાં જ એનાં મૂળ ઊંડાં ઊતરે છે. ૧૯૨૧ ની અમદાવાદની બેઠક વેળા દેશના નામાંકિત પુરુષોએ ગાંધીજીને હાલ-તુરત અસ્પૃશ્યતાનિવારણનો પ્રશ્ન નહી છેડવા અને એ રીતે વિશાળ હિંદુ આમજનતાને નહી ભડકાવવા ખૂબ સમજાવેલા, પણ એમણે પોતાના સિદ્ધાંતને ગૌણ ન પાડ્યો જો એ ભોળા પડ્યા હોત તો જે નવ-નિર્માણ એ કરી શક્યા છે એમાં એ સફળ ન થઈ શક્યા હોત. પણ અત્યારે જોઈએ છીએ કે એ એમાં લગભગ સફળ થઈ શક્યા છે. જેમ ગાંધીજી વિષે તેમ જગતને ઘડનારી પ્રત્યેક વિભૂતિઓ માટે પણ એમ જ કહી શકાય કે સિદ્ધાંતપાલનના આગ્રહથી જ એ ઊંડાં મૂળ નાખી શક્યા હતા. આ દૃષ્ટિએ જે પુરુષે અહિંસાનો અનન્ય માર્ગ નિર્માણ કર્યો છે એ પોતે જ શું અહિંસાના [illegible] દિગંબરત્વને પામે ખરા ?

(૧) [illegible] સ્વયં ભગવાન પોતે જ ([illegible]) પોતાના શિષ્યને [illegible]

યજ્ઞમા આપણે આહુતિઓ આપવી પડશે એવા ભાવાર્થના વાક્યો વાપરવાને કારણે એમાં આવતા 'યજ્ઞ' અને 'આહુતિ' શબ્દ ઉપરથી ગાંધીજીને જૂની આંખે જોનારા ભવિષ્યમાં કેવો અન્યાય કરી બેસે ? તેમ 'કુક્કુટ' અને 'માંસ' શબ્દને કારણે મહાવીરની મૂળ જીવનદૃષ્ટિ સમજ્યા વિના–ધ્યાનમાં લીધા વિના એમને માંસાહારી કહી દેવાની ભારે ઉતાવળ થઈ ગઇ છે.

(૧૧) વિનોબાજી કહે છે કે ' શાસ્ત્રોમા તો શબ્દો હોય એનો અર્થ તો જીવનમા શોધવાનો હોય છે, એ કે કેવળ જડ શબ્દોને વળગી રહેવાથી વસ્તુતું હ નથી સમજી શકાતું. પણ એ માટે સંદર્ભો વિચા જોઇએ, વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ તે મૂળ પરંપરાને પણ ધ્યાનમા રાખવી જોઈએ કાર કેટલાક શબ્દો યુગાનુસાર નવા નવા અર્થો પણ ધ કરતા હોય છે

'શબ્દોના અર્થો જેમ વિકાસ પામતા રહે છે વિનાશ પણ પામે છે, તેમજ યુગે યુગે એ નવા નવા અર્થો પણ ધારણ કરે છે ક્યારેક એ બનીને પડ્યા પણ રહે છે' એમ એ સંશોધક પ એ જ આપણને નથી શીખવ્યું શું ?

જન્ય પણ બનાવી શકાય છે એ તો હવે આપણા પ્રત્યક્ષ અનુભવની વાત છે આમ છતાં માસવાચક અર્થને ખ્યાલમા રાખી મહાત્મા ગાંધીજી સૂપ વાપરતા તેમજ પંજાબમાં એમણે કૂકડી (મકાઇ) ના ભોજનની મહેમાનગીરી પણ માણેલી એવાં વાકયો જ્યારે કુકડીનો અર્થ મકાઈ થતો બંધ પડશે યા કદાચ ભૂલી જવાશે ત્યારે ભવિષ્યના પંડિતોને મહાત્મા ગાંધીજી માંસાહારી હતા એવું સિદ્ધ કરવામાં બહુ ઉપયોગી થઈ પડશે અને એ કદાચ એમના 'મત્સ્યોદ્યોગ' લેખનો પુરાવો રજૂ કરી સફળ પણ થાય. પણ આપણે તો જાણીએ છીએ કે એ કેવા ચુસ્ત વનસ્પત્યાહારી હતા

(૧૩) આમ દ્વિઅર્થી શબ્દોને કારણે પરંપરા એક અથ સ્વીકારતી આવી હોય છતાં પંડિતો બીજો અર્થ પણ કેમ સાચો ન હોઇ શકે એવો આગ્રહ છોડી શકતા હોય ત્યાં એને માટે ખુદ ભગવાન મહાવીરે પોતે ઘટસ્ફોટ કરી વસ્તુને સ્પષ્ટ કરી બતાવવાની એ કસોટી શીખવી છે કે જેથી બીજા વિકલ્પને સ્થાન ન રહે, અને તે છે ભગવાનનો સોમિલ બ્રાહ્મણ સાથે નો સંવાદ, જે ભગવતી સૂત્ર નામના પાચમા આગમ ગ્રંથમાં શતક ૧૮, ઉદ્દેશ ૧૦ મા નીચે પ્રમાણે આપવ માં આવ્યો છે.

ભગવાન દશાર્ણપુરથી વિદેહ દેશ તરફ ગયા ત્યારે વચમાં વાણિજ્યગ્રામમાં સોમિલ નામના એક ધનિક બ્રાહ્મણનો ભેટો થયો. મહાવીરને આવ્યા જાણી તેને વિચાર આવ્યો કે મારે ભગવાનના જ્ઞાનની પરીક્ષા લેવી, અને જો તે જ્ઞાની જણાશે તો હું તેમને વંદન કરીશ, નહીં તો તેમને નિરુત્તર કરીશ. આવા વિચારથી પોતાના ૧૦૦ શિષ્યો સાથે તે ભગવાન પાસે આવ્યો અને ભગવાનને ઝપટાવવા કેટલાક અટપટા પ્રશ્નો પૂછ્યા:——

સોમિલ– હે ભગવન્ ! સરિસવ આપને ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?

ભગવાન– હે સોમિલ ! તારા બ્રાહ્મણશાસ્ત્રમાં સરિસવ શબ્દના બે અર્થ કહ્યા છે ૧ સરિસા વય એટલે કે મિત્ર અને ૨ સર્ષપ એટલે કે સરસવ. મિત્ર અર્થમાં 'સરિસવ' શ્રમણ નિર્ગ્રંથને અભક્ષ્ય છે પરંતુ ધાન્ય સરિસવ જો નિર્જીવ થયેલ હોય, નિર્દોષ હોય તથા યાચનાથી પ્રાપ્ત થયેલ હોય તો તે ભક્ષ્ય છે.

સોમિલ– હે ભગવન્ ! 'માસ' તમારે ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?

ભગવાન– હે સોમિલ ! 'માસ' નો અર્થ છે મહિનો અને અડદ થાય અને તે નિર્જીવ-નિર્દોષ હોય, ભિક્ષા

પ્રાપ્ત હોય તો તે અમારે ભક્ષ્ય છે પણ જો 'માસ' નો અર્થ સોના કે રૂપાનો માસો થતો હોય તો તે અમારે અભક્ષ્ય છે, તેમજ તેનો અર્થ જો 'માંસ' થતો હોય તો તે પણ અમારે અભક્ષ્ય છે (વાંચો ગોપાળદાસ જીવાભાઇ પટેલ કૃત શ્રીમહાવીરકથા પાનું ૩૯૬)

સોમિલ– હે ભગવન્! તમારે કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય?

ભગવાન– હે સોમિલ! કુલત્થાના બે અર્થો છે. જો તેનો અર્થ કુલવધૂ કુલસ્ત્રી કરવામાં આવે તો તે અભક્ષ્ય (ન ખપે તેવી) છે પણ જો તેનો અર્થ કળથી–ધાન્ય કરવામા આવે અને ઉપ- મુજબ નિર્જીવ–નિર્દોષ ને ભિક્ષાપ્રાપ્ત હોય તો તે અમારે ભક્ષ્ય છે

આ સંવાદ દ્વારા જાણવા મળે છે કે આ રીતે ભગવાને એ કાળમા ઘણા શબ્દોના વનસ્પતિવાચક તથા પ્રાણી–મનુષ્યવાચક એમ બન્ને અર્થો નીકળતા હોઇ જેનો અર્થ વનસ્પતિ થતો હોય અને તે પણ અચિત્ત (નિર્જીવ) તથા ભિક્ષાચર્યાના નિયમ મુજબ પ્રાપ્ત થઇ શકે એમ હોય એવી જ વસ્તુના ઉપભોગની આજ્ઞા

આપી છે અને એ રીતે આ ફૂટ પ્રશ્નની સંપૂર્ણ સ્પષ્ટતા કરી નાખી છે. એટલે કે વનસ્પતિવાદ સિવાય બીજા વિકલ્પને સ્થાન જ રહેતું નથી. આમ છતાં સ્વમાન્ય પંડિતવર્ગને કદાચ એના ભેદનું મન થશે, એટલે પટેલ ગોપાળદાસભાઈ [illegible] જણાવે છે કે——

'મહાવીરસ્વામીની અહિંસા માત્ર માણસો પૂરતી જ નહીં, પણ વનસ્પતિઓ અને જેમાંય છે, પૂરતી હતી, જંગમજીવો [illegible] [illegible] તેમને [illegible] વનસ્પત્યાહારી [illegible]. [illegible] તેમને [illegible] એટલે કે શરીરનિર્વાહ પૂરતું [illegible] શરીરને પણ સંયમમાં [illegible] [illegible] તેમની અહિંસા [illegible]

[illegible]

[illegible]

પંડિતો પણ આઇઝેક ન્યુટનની જેમ બિલાડીના બાકોરા જેવી મોટી ભૂલો કરી બેસે છે. એથી એઓશ્રી આ બાબતમાં મૂળ મુદ્દો જ વીસરી ગયા છે.

એથી જો કોઇ એમને પૂછે કે ' સંયમનિર્વાહ અર્થે કૂકડાનું માંસ લેવામા દોષ નથી, તો માની લો કે એક નિર્જન વનમા એકી સાથે ઘણા દિવસના ઉપવાસી પવિત્ર સંતો આવી ચડયા છે નજીકમાં કોઇ આહાર-પાણીની વ્યવસ્થા થઇ શકે તેમ નથી. ફકત નજીકમાં એક લૂટારાએ રસ્તે જતા રાહગીરનુ ખૂન કર્યું છે ને એનું મડદું પણ ત્યા પડેલું છે તો શુ એ મુડદાનું માસ એ લૂટારો વહોરાવે તો એ સતો સંયમનિર્વાહ અર્થે વાપરશે ખરા ? '

જો ગોપાળદાસભાઇ સ્વસ્થચિત્ત હશે તો એ સતોને નરમાસ લેવરાવવનુ પસંદ નહી કરે, પણ શરીરને મૃત્યુને ચરણે સમર્પિત કરી દેવાનું જ પસદ કરશે શાથી ? એ નરમાસ છે માટે ? તો પછી જે સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોની અહિંસા પાળવામા માને છે એણે કૂકડા જેવા પચેન્દ્રિય જીવનું માસ લીધેલુ એવો આગ્રહ શા માટે રાખવામા આવે છે ? અને જો તેઓ સંયમનિર્વાહના નામે એવું નરમાસ લેવરાવવામા દોષ ન જોતા હોય તો તો પછી એમને કહેવાનું જ શું હોય ?

મુખ્ય વાત એ છે કે સંયમનિર્વાહ પૂરતા ખોરાકનો મૂળ મુદ્દો આપણે ધ્યાનમાં લેવો જોઈએ અને એ છે આપણી આર્યભાવના, અહિંસાની મર્યાદા, વિવેકબુદ્ધિનો ઉપયોગ અને સાધનશુદ્ધિનો આગ્રહ કે આહાર-વિહારના નિયમો. એ મુદ્દાઓ અંગે આપણે હવે વિગતવાર ચર્ચા કરીએ

(૧૫) આર્યભાવના

